**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૨ ડીગ્રી
લઘુતમ : ૨૩.૧ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૩૨ ટકા

# ઉનાળાની ગરમી અને શહેરમાં કેરીના રસનું આગમન

## ઉનાળાની ગરમી હોય અને કેરીનો રસ ના હોય તો... ઉનાળો ઉનાળો ના લાગે અને ગરમી વધુ આકરી બની જાય






ગાંધીનગર, તા. ૬

ઉનાળાની ગરમી હોય અને કેરીનો રસ ના હોય તો... ઉનાળો ઉનાળો ના લાગે અને ગરમી વધુ આકરી બની જાય. આવી આકરી બનતી ગરમીમાં ગાંધીનગરની દુકાનોમાં 'કેરીનો રસ મળશે' એવા પાટિયા લાગી ગયા છે અને એ જોઈને બાળકો અને મોટેરાઓમાં ખુશીની લ્હેર પથરાઈ ગઈ છે.

છેલ્લા એક મહિનામાં કમોસમી વરસાદે પગપેસારો કર્યો હતો અને લોકોએ કેરીની આશા છોડી દીધી હતી, પરંતુ ગાંધીનગરમાં કેરીની પેટીઓ વેચાતી થઈ ગઈ છે અને હવે તો કેરીનો રસ પણ બજારમાં આવી ગયો છે.

માવઠાને કારણે કેરીની પેટીના ભાવ ઉંચા બોલાઈ રહ્યા છે અને કેરીનો રસ પણ આશરે ૧૬૦ રૂપિયા કિલો બજારમાં ઉપલબ્ધ છે. ઉનાળામાં દરેક વર્ગના લોકો કેરીના રસનો આનંદ માણી શકે એટલે કેટલીક દુકાનોમાં ત્રણ-ચાર દિવસની સ્કીમ પણ ચાલુ છે. ગાંધીનગર ઘ-૫ આવેલ પટેલ આઈસ્ક્રીમ પાર્લરમાં ૧૦૦ રૂપિયા કિલો રસ (સ્કીમ) મળી રહ્યો છે, જેથી દરેક વર્ગ તેનો આનંદ લઈ શકે.

ઉનાળાની અધધધ... ગરમીમાં કેરીનો રસ તેમજ ઠંડા પીણા રાહત આપી રહ્યા છે.

# પ્રજાપતિ સમાજની શૈક્ષણિક માગણી હેતુની બાઈક રેલી યોજાઈ





ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર ખાતે અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ આયોજિત પ્રજાપતિ સમાજની બાઈક રેલી આબેડકર ભવનથી કલેક્ટર કચેરી સુધી સમાજની પડતર માગણીઓને લઈને યોજાઈ હતી. જેમાં મુખ્ય માગણી ગાંધીનગર ખાતે શૈક્ષણિક હેતુ જમીન માટેની કેન્દ્ર સ્થાને રાખવામા આવેલ છે. ઉલ્લેખનીય છે કે આજના દિવસને સંઘના પ્રમુખના જન્મદિવસ હોવાથી પસંદગી કરેલ હતી. જેમાં ૧૦૦ જેટલા બાઈક સવારો રેલીમાં જોડાયા હતા અને સમાજના કાર્યકર્તાઓ અને યુવાનોએ ઉત્સાહ પૂર્વક રેલીમાં ભાગ લીધો હતો. સમગ્ર રેલીનું આયોજન ગાંધીનગર ખાતેના પ્રમુખ મનુભાઈ પ્રજાપતિ અને ઝોન અધ્યક્ષ નારણભાઈ પ્રજાપતિ માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં યુવા કાર્યકરો કણવેશભાઈ, મેહુલભાઈ વગેરેએ વિશેષ રસ પૂર્વક ભાગ લઈ અને રેલીની સફળતામાં યોગદાન આપ્યું હતું.

# આજે શહેરમાં ગુડફ્રાઈડેની ભાવભીની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૬

શહેરના ખ્રિસ્તી સમુદાય દ્વારા આજે ગુડફ્રાઈડેના દિવસે ઈશુ ખ્રિસ્તના બલિદાન અને શોક પ્રગટ કરાશે. ખ્રિસ્તી પરિવારો પોતાની પરંપરા મુજબ દેવળોમાં જઈને ઈશુના બલિદાન પર શોક પ્રગટ કરશે. દુઃખ વ્યક્ત કરવા ખ્રિસ્તી પરિવારો ઉપવાસ કરશે, દેવળોની સેવામાં હાજરી આપશે, ધાર્મિક પુસ્તક બાઈબલનુ વાંચન કરશે તેમજ પ્રાર્થના કરીને શોક પ્રગટ કરશે.

**ગુડ ફ્રાઈડેનું મહત્વ :** ઈશુ ખ્રિસ્તની રોમન સસત્તાવાળાઓ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી અને મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી. બાઈબલ અનુસાર ઈશુને શુક્રવારના દિવસે વધસ્તંભ પર જડવામાં આવ્યા હતા. તેથી જ આ દિવસને ગુડફ્રાઈડે કહેવામાં આવે છે તેને હોલી ફ્રાઈડે, બ્લેક ફ્રાઈડે અથવા ગ્રેટ ફ્રાઈડે પણ કહેવામાં આવે છે.

ગાંધીનગરના તમામ ચર્ચોમાં આજે ખ્રિસ્તી સમુદાય ઈશુખ્રિસ્તના બલિદાનને યાદ કરી સેવા આપશે. ઈશુખ્રિસ્તના બલિદાનને નિઃસ્વાર્થતા અને અન્ય લોકો માટે પ્રેમના પ્રતિક તરીકે જોવામાં આવે છે. તેથી આજે ખ્રિસ્તી સમુદાય ઈશુના પગલે ચાલવાની પ્રતિજ્ઞા લેશે અને શોક પ્રગટ કરશે.

# બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ખાતે ટેકફેસ્ટની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૬

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી તેમજ ઈન્સ્ટીટયુશન્સ ઈન્નોવેશન કાઉન્સિલ)દ્વારા ટેકવીડન ૨૨૨૩ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.વિદ્યાર્થીઓ માં અભ્યાસ ની સાથે ટેકનિકલ નોલેજ નો વિકાસ થાય એ હેતુ થી શાર્ક ટેક્ટ,ટેકબેન્ચ હન્ટ,શેરલોકહોમ્સ અને પ્લોટ એન્ડ પ્લોટ જેવી ટેક્નિકેલ ઈવેન્ટ્સ નું આયોજન કરવામાં આવ્યું હતું.આ ઈવેન્ટ્સ માં સંસ્થાના દરેક બ્રાન્ચ જેવી કે મેકેનિકલ,સિવિલ, ઈલેકટ્રીકલ, કમ્પ્યુટર અને ઈન્ફોરમેશન ટેક્નોલોજી ના દરેક વિદ્યાર્થીઓ એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ સાથે સંસ્થાના કેમ્પસ ડિરેક્ટર પ્રોફ.રવિકુમાર સર તેમજ ટેક્નોલોજી વિભાગ ના પ્રિન્સિપાલ ડો.કિંજલ અધ્વર્યુ મેડમ એ સર્ટિફિકેટ આપી વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહિત કર્યા.





જય અંબે પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા હનુમાન જયંતિના દિવસે સેક્ટર -૧૩/બી ના શક્તિચોકથી પ્રભા હનુમાનજી મંદિર, જમિયતપુરાની પદયાત્રા કરવામાં આવી હતી.

# ગાંધીનગર જિલ્લા ના ચાર તાલુકા અને મહાનગરપાલિકા વિસ્તારમાં ગુજરાત STEM ક્વિઝ ૨.૦ ૧૪-એપ્રિલ-૨૦૨૩ ના રોજ યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ અને ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ધ્વારા ગુજરાત STEM ક્વિઝ ૨.૦ નું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાની જીઈસ ક્વિઝ ૨.૦ તારીખ ૧૪ એપ્રિલ ૨૦૨૩ ના રોજ બપોરે ૨ થી ૩ દરમિયાન યોજાશે. અત્રે ઉલ્લેખનીએ છે કે STEM ક્વિઝમાં ગાંધીનગર જિલ્લાના ધોરણ ૯ થી ૧૨ ના ૨૭૦૦૦ બાળકોએ રજીસ્ટ્રેશન કર્યું છે .ઓનલાઈન યોજાનાર આ કવીઝમાં રજીસ્ટ્રેશન કરેલ વિદ્યાર્થીઓને યુઝર આઈડી અને પાસવર્ડ તેમના મોબાઈલ નંબર પર મોકલી દેવામાં આવ્યા છે. આ કવીઝમાં ભાગલેનાર વિદ્યાર્થીઓમાંથી દરેક તાલુકામાંથી ૧૦ વિદ્યાર્થીઓની પસંદગી રાજ્ય કક્ષા માટે થશે એટલે કે દહેગામ, ગાંધીનગર, માણસા, કલોલ, અને મહાનગરપાલિકામાંથી કુલ ૫૦ વિદ્યાર્થીઓની પસંદગી થશે.આ વિજેતા વિદ્યાર્થીઓને ડ્રોનકીટ, રોબોટિકકીટ, ટેલીસ્કોપ વગેરેમાંથી કોઈ એક ઈનામ આપવામાં આવશે સ્ટેટ લેવલ વિજેતા વિદ્યાર્થીઓને લેટેસ્ટ લેપટોપ, ટેબ્લેટ જેવા ઈનામો મળશે. તેમજ વિજેતા વિદ્યાર્થીઓને બુટ કેમ્પમાં ભાગ લેવાની તથા NSFU, ઈસરો,સાયન્સ સીટી,પ્લાઝમા રિસર્ચ સેંટર, ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર,મુંબઈ જેવી ખ્યાતનામ સંસ્થાઓની મુલાકાત લેવાની તક મળશે.

# સમર્પણ મૂક બધિર શિશુ વિદ્યામંદિર, ગાંધીનગરનું ગૌરવ



ગાંધીનગર, તા. ૬

ગાંધીઘર કછોલી મુકામે સ્વ. કીકુભાઈ નાયક ની ૧૮ મી પુણ્યતિથી નિમિત્તે શ્રી કિકુભાઈ નાયક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુજરાત મા બધિર કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરવા માટે ગાંધીનગર સ્થિત સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ મૂક બધિર શિશુ ગવ વિદ્યામંદિર ના માનદ મંત્રી શ્રી વૈભવ કમલેશભાઈ જાની ને કિકુભાઈ નાયક એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા. એવોર્ડ મા શાલ અને પ્રશસ્તિ પત્ર આપીને પ્રણવ આશ્રમ, કુણા, નડીયાદ ના પ. પૂ. સ્વામિ કેવાલાનંદ સરસ્વતી ના હસ્તે સન્માન કરવામાં આવ્યું. અન્ય ઉપસ્થિત મહાનુભાવો મા મારુતિ વિરજવાન ટ્રસ્ટ ના શ્રી નાનુભાઈ સાવલીયા તેમજ નવચેતન ચેરીટેબલ ટ્રસ્ટ સુરત નાં શ્રી ઠાકોરભાઈ પટેલ, કીકુભાઈ નાયક ટ્રસ્ટ ના ટ્રસ્ટીઓ, અન્ય સ્થાનિક મહાનુભાવો, સ્ટાફ તેમજ મૂકબધિર વિદ્યાર્થીઓ ઉપસ્થિત હતા.




ગુજરાત મેરિટાઈમ બોર્ડ કર્મચારી સંઘ, ગાંધીનગરની રજુઆતના પગલે કોરોના બાદ આંતરીય બંદર રમત ગમત ચાલુ કરવા કરેલ રજુઆતના પગલે ચાલુ વર્ષઃ ૨૦૨૩માં ક્રિકેટ, કેરમ અને ચેસ તેમજ મહિલા કર્મયોગી ઓ માટે પણ અન્ય રમતોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બોર્ડ ના ઈન્ચાર્જ મુ. કા. અધિ. અને ઉપાધ્યક્ષ રાજકુમાર બેનીવાલ(આઈ. એ. એસ.) દ્વારા ૫ મી એપ્રિલના રોજ બોર્ડના ૪૨ માં સ્થાપના દિવસની ઉજવણી સાથે ગાંધીનગર વળી કચેરીના પટાંગણ બગીચામાં તેઓશ્રીના વરદ હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ હતું. જેથી બોર્ડના કર્મયોગીઓમાં અનેરા આનંદ અને ઉત્સાહની લાગણી જોવા મળેલ હતી.



ભારતભરમાં પોતાની રાષ્ટ્રવાદી વિચારધારા અને વિકાસની રાજનીતિ થકી છવાઈ જઈને વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટીનું માન મેળવનાર ભારતીય જનતા પાર્ટીએ તા. ૬ઠ્ઠી એપ્રિલે તેના સ્થાપના દિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગે ભાજપના કાર્યકર્તાઓએ ભાજપના ધ્વજને ફરકાવી એકબીજાનું મ્હોં મીઠું કરાવીને ઉજવણી કરી હતી.



ચૈત્રી પૂનમ નિમિતે માનવ સેવા મંડળ તરફથી ઉવારસદ મુકામે અંતરેશ્વર મહાદેવ ખાતે અનાથ કુટુંબોને અનાજ,કરીયાણાનું વિતરણ કરવામાં આવ્યું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર ખુશાલજી ધુળાજી - ઉ.વ. ૭૪, સોનીપુર
- સ્વ. ભટ્ટ દિનાબેન જીતેન્દ્ર - ઉ.વ. ૮૪, ગાંધીનગર
- સ્વ. પરમાર ગંગાબેન દાનસિંગ - ઉ.વ. ૬૮, ડભોડા
- સ્વ. શાહ સુમનબેન ગોવિંદલાલ - ઉ.વ. ૮૩, ગાંધીનગર
- સ્વ. શાહ શારદાબેન પ્રવિણભાઈ - ઉ.વ. ૮૯, અડાલજ
- સ્વ. ત્રિવેદી પરાગ રજનીકાન્ત - ઉ.વ. ૫૯, ગાંધીનગર
- સ્વ. વાઘરી બબીબેન સોમાભાઈ -ઉ.વ. ૭૭, ગોઝારીયા
- સ્વ. વાઘેલા નરેન્દ્રસિંહ ગુલાબસિંહ - ઉ.વ. ૬૮, પેથાપુર

## જન્મદિને વધામણી


પરાગભાઈ એમ. સોની
મો. ૯૮૨૫૫ ૫૧૪૩૦


મીનાક્ષીબેન ડામોર


રચના બી રાવલ


કરુણા અનિલકુમાર બોરા
મો. ૯૪૦૯૪ ૦૮૩૫૪


કહાન રુચિર શુક્લા


મોક્ષ રાજપૂત
મો. ૯૯૦૯૯ ૪૮૩૫૮


રિગ્વેદ સંદીપ જગતાપ
મો. ૯૮૭૯૮ ૦૭૩૧૧


સમીર મનસુરી


વિહાન હાર્દિક શ્રીમાળી
મો. ૯૪૨૬૭ ૦૬૫૪૬


પંકજભાઈ ત્રિવેદી
મો. ૯૪૨૮૦ ૫૦૪૭૩


દેવાંગ મકવાણા